# 2 રૂપા ડરી નહીં

**ચર્ચાના મુદ્દા :**

- આપણા દેશમાં રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર કઈ વ્યક્તિને અર્પણ કરવામાં આવે છે ?
- જેઓ મુસીબતોનો પૂરા જોશથી સામનો કરે છે, તેઓને શું કહેવામાં આવે છે ?

નાના બાળકો પોતાની બુદ્ધિ અને હિંમત દ્વારા મોટા કાર્યો કરી બતાવે છે. અહીં પ્રસ્તુત વાર્તામાં રૂપા પોતાની હિંમતથી પોતાના મિત્ર મનીષને બચાવવાની સાથે લૂંટારુઓને પણ પકડાવે છે.

રૂપા એક નીડર બાળકી હતી. તેણીને અભ્યાસ કરવાનું ઘણું પ્રિય હતું. તેણી રમત-ગમતમાં પણ કુશળ હતી. એક દિવસ રુચિ, રૂપક અને મનીષ સાથે રૂપા ચોર-સિપાહી રમી રહી હતી. મનીષ ચોર બનીને થોડે દૂર છૂપાઈને બેઠો હતો.

રૂપા મનીષને શોધતાં શોધતાં શેરડીના ખેતરોની વચ્ચે પહોંચી ગઈ. ત્યાં તેણીએ શું જોયું? મનીષના હાથ-પગ દોરીથી બંધાયેલા હતા અને તેના મુખ ઉપર પણ કપડું બાંધી દેવામાં આવ્યું હતું.




રૂપા એક પળ માટે અવાચક થઈ ગઈ. પરંતુ, રૂપાએ તરત જ હિંમત એકઠી કરીને મનીષના મુખ પરનું કપડું ખોલી નાખ્યું. તે સમયે જ કોઈએ પાછળથી રૂપાના ખભા ઉપર હાથ રાખ્યો રૂપા ડરી

૨. વાર્તામાં દર્શાવ્યા મુજબ યોગ્ય વાક્યની સામે ખરાં (✓ )ની નિશાની કરો.

૧. રૂપાને અભ્યાસ કરવાનું પસંદ ન હતું. ☐

૨. રૂપા નીડર અને હિંમતવાન હતી. ☑

૩. મનીષને કોઈએ ધક્કો માર્યો. ☐

૪. રૂપાએ લૂંટારુને લાકડીથી માર્યો. ☑

૫. રૂપાનું ચિત્ર સમાચારપત્રમાં છપાયું. ☑

૬. લૂંટારુનું નામ રૂપક હતું. ☐

૩. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં (✓ ) ની નિશાની કરો. MCQs

૧. રૂપા મનીષને શોધતાં શોધતાં ક્યાં પહોંચી ?

☐ બગીચામાં ☐ શાળામાં

☑ શેરડીના ખેતરમાં ☐ નદીના કિનારે

૨. હુમલો કરનારના હાથ ઉપર બટકું કોણે ભર્યું ?

☐ મનીષે ☐ બાળકોએ

☑ રૂપાએ ☐ રુચિએ

૩. લૂંટારુને દોરીથી કોણે બાંધ્યો ?

☐ રૂપાએ ☐ મનીષે

☑ રૂપા અને મનીષે ☐ ગામલોકોએ

૪. રૂપાએ કોને પકડાવ્યો ?

☐ મનીષને ☐ રૂપકને

☑ લૂંટારુને ☐ મુખીને

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

રૂપા જેવાં હિંમતવાન બાળકો પાસેથી આપણને શું પ્રેરણા મળે છે ?

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** • synonyms

| | |
|---|---|
| હિંમત - ..સાહસ... | આંખ - નયન |
| હાથ - કર | યોગ્ય - ઉચિત |
| પ્રશંસા - વખાણ | રક્ત - લોહી |

**૨. સંયુક્ત વ્યંજનોના ઉપયોગ દ્વારા રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

(પુસ્તક, મુન્ના, ગમ્મત, અન્ન, મસ્તક, હિમ્મત, ચુસ્ત, ખમ્મા, પ્રસન્ન) • clusters

| (મ્ + મ = મ્મ) | (ન્ + ન = ન્ન) | (સ્ + ત = સ્ત) |
|---|---|---|
| ....ગમ્મત.... | ....મુન્ના.... | ....પુસ્તક.... |
| હિમ્મત | અન્ન | મસ્તક |
| ખમ્મા | પ્રસન્ન | ચુસ્ત |

**૩. ર, રૂ અને ઋ નો તફાવત સમજો અને તેનાથી શરૂ થતા બે-બે શબ્દો લખો.**

| ર | રૂ | ઋ |
|---|---|---|
| .....રચના...... | ......રૂપ........ | ......ઋષિ....... |
| રતન | રૂપા | ઋતુ |
| રુચિ | રૂપિયા | ઋષભ |

**૪. પાઠમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.** • Noun

| | | |
|---|---|---|
| રૂપા | મનીષ | રૂપક |
| શેરડી | ખેતર | |

૫. લિંગ બદલો.

| | |
|---|---|
| છોકરો - ....છોકરી...... | ધોબણ - ધોબી |
| ભાઈ - બહેન | બાલિકા - બાળક |
| પુરુષ - સ્ત્રી | માતા - પિતા |
| રાજા - રાણી | શિક્ષિકા - શિક્ષક |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. ૨૬ જાન્યુઆરીની પરેડના ચિત્રોનું એક આલબમ બનાવો.
૨. 'સમાચારપત્ર ના લાભ' વિષય પર વર્ગમાં ચર્ચા કરો.

- album making
- observation

**સવિશેષ :**

૧. પુસ્તકાલયમાંથી સાહસી બાળકોની વાર્તાઓ લાવીને વાંચો.
૨. બાળકોની ફિલ્મ (ચલચિત્ર) "હરી પુત્તર : એ કોમેડી ઑફ ટેરર્સ" જુઓ. ફિલ્મની વાર્તા વર્ગમાં સંભળાવો. *https://www.youtube.com*

## શું તમે જાણો છો ?

સાહસી બાળકોને પ્રદાન કરવામાં આવતો વીરતા પુરસ્કાર સર્વપ્રથમ હરીશ મહેરાને અર્પણ કરવામાં આવ્યો હતો.